


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-42 ■ તા. 27-10-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## ઈઝરાયલની એરસ્ટ્રાઈક વચ્ચે ઈરાનમાં ગોળીબાર, ૧૦ સૈનિકોના મોત



ઈઝરાયલે ઈરાન પર કરેલા હવાઈ હુમલા વચ્ચે વધુ એક હુમલાથી ઈરાનની મુશ્કેલીઓ વધી ગઈ છે. આ હુમલો ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતના તફ્તાન વિસ્તારમાં ફાયરિંગની એક ઘટના સામે આવી છે. અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ઈરાનની ફારાજા ફોર્સના ૧૦ સૈનિકો માર્યા ગયા છે. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર, 'અજાણ્યા તત્વો' દ્વારા ફોર્સ પર હુમલો કરવામાં આવ્યો હતો. જો કે, સરકારી એજન્સીએ હુમલા અંગે વધુ માહિતી આપી નથી.

અત્યાર સુધીમાં અધિકારીઓએ હુમલાને લઈને કોઈપણ શંકાસ્પદ શખસની ધરપકડ કરી નથી. અને આ હુમલાની હજુ સુધી કોઈપણ સંગઠને જવાબદારી સ્વીકારી નથી. શનિવાર રાત્રે ઈઝરાયલે ઈરાનની સૈન્ય મથકો પર હુમલો કર્યો હતો. જેમાં અત્યાર સુધીમાં ૨ લોકોના મૃત્યુ થયાની પુષ્ટી કરવામાં આવી છે.

સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંત ઈરાનના સૌથી સંવેદનશીલ વિસ્તારોમાંનો એક છે. જ્યાં લાંબા સમયથી વંશીય અને રાજકીય હિંસા થઈ રહી છે. આ પ્રદેશમાં બલૂચ અલગતાવાદીઓ અને ધાર્મિક ઉગ્રવાદીઓના સંઘર્ષના અવારનવાર અહેવાલો સામે આવતા હોય છે. જે ઈરાની સરકાર માટે સમસ્યાઓ ઊભી કરે છે.

## ઉત્તરકાશીમાં મસ્જિદ તોડી પાડવાની માગ સાથે પ્રદર્શન : હિંદુ સંગઠનનો આરોપ- સરકારી જમીન પર બાંધવામાં આવી



ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક મસ્જિદ તોડી પાડવાની માગને લઈને થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસના લાઠીચાર્જમાં સાત પોલીસકર્મીઓ સહિત ૨૭ લોકો ઘાયલ થયા છે. પ્રદર્શનકારીઓનો આરોપ છે કે બરાહત વિસ્તારમાં બનેલી મસ્જિદ સરકારી જમીન પર બનાવવામાં આવી છે.જોકે, જિલ્લા પ્રશાસને સ્પષ્ટતા કરી હતી કે મસ્જિદ જૂની છે અને મુસ્લિમ સમુદાયના લોકોની જમીન પર બનેલી છે. પ્રદર્શનકારીઓને મસ્જિદ તરફ જતા રોકવા માટે વહીવટીતંત્રે ગંગોત્રી નેશનલ હાઈવે પર બેરિકેડ લગાવી દીધા હતા. તેને હટાવવા માટે દેખાવકારો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી પરંતુ પોલીસે તેમને આગળ વધવા દીધા ન હતા.દેખાવકારોનો આરોપ- પરિસ્થિતિને વધુ ખરાબ કરવાના ષડયંત્રના ભાગરૂપે પથ્થરમારો થયો થોડી જહેમત બાદ પ્રદર્શનકારીઓ બેરિકેડિંગ પાસે ધરણા પર બેસી ગયા અને હનુમાન ચાલીસાના પાઠ કરવા લાગ્યા. થોડા સમય પછી, જ્યારે તેઓએ બેરિકેડિંગ હટાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ.અધિકારીઓએ જણાવ્યું કે આ દરમિયાન પથ્થરમારો શરૂ થયો, ત્યારબાદ પોલીસે પહેલા ટીયર ગેસના શેલ છોડ્યા અને પછી લાઠીચાર્જ કર્યો. લાઠીચાર્જમાં કેટલાક પ્રદર્શનકારીઓ અને પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. તે જ સમયે, દેખાવકારોનો આરોપ છે કે પરિસ્થિતિને વધુ ખરાબ કરવાના ષડયંત્રના ભાગરૂપે પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

ઉત્તરકાશીના પોલીસ અધિક્ષક અમિત શ્રીવાસ્તવે કહ્યું કે પથ્થરમારાની ઘટનાને ગંભીરતાથી લેવામાં આવી છે. તેની ચકાસણી કરવામાં આવી રહી છે. આરોપીઓની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. હવે શહેરમાં સ્થિતિ સામાન્ય અને શાંતિપૂર્ણ છે. પુરતો પોલીસ બંદોબસ્ત તૈનાત છે. મસ્જિદની આસપાસ સુરક્ષા પણ કડક કરવામાં આવી છે.હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં આવેલી સંજૌલી મસ્જિદને કારણે સમગ્ર હિમાચલ પ્રદેશમાં હોબાળો મચી ગયો હતો. હિંદુ સંગઠનોએ સોલન, મંડી, કુલ્લુ અને સિરમૌર જિલ્લામાં ગેરકાયદેસર મસ્જિદોને તોડી પાડવાની માંગ પણ ઉઠાવી હતી.

## પ્લેનમાં યાત્રીને એટેક આવ્યો, જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ : દિલ્હીથી હૈદરાબાદ માટે ઉડાન ભરી હતી




વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટે ્દ્ભ-૮૨૯એ શુક્રવારે સવારે જયપુર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. વિમાન દિલ્હીથી હૈદરાબાદ જઈ રહ્યું હતું. જયપુર નજીક એક મુસાફરની મેડિકલ ઈમરજન્સીના કારણે ફ્લાઈટને જયપુરમાં લેન્ડ કરવામાં આવી હતી. સ્ટાફ અને પાયલોટે જયપુર એર ટ્રાફિક કંટ્રોલને મેડિકલ ઈમરજન્સી વિશે જાણ કરી હતી.આ પછી પ્લેન સવારે લગભગ ૮.૩૦ વાગ્યે જયપુરના સાંગાનેર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું. હકીકતમાં વિસ્તારા એરલાઈન્સની ફ્લાઈટે ્દ્ભ-૮૯૨ તેના નિર્ધારિત સમય પર સવારે ૭.૨૮ વાગ્યે દિલ્હીથી હૈદરાબાદ માટે ઉડાન ભરી હતી.

થોડા સમય પછી લગભગ ૮ વાગ્યે, ફ્લાઈટમાં એક મુસાફરને ગભરાટનો હુમલો થયો (પેનિક એટેક). તે જ સમયે શુક્રવારે સવારે અબુ ધાબીથી જયપુર આવી રહેલી ફ્લાઈટમાં હંગામો થયો હતો.પ્રાથમિક તપાસમાં મુસાફર માનસિક રીતે બીમાર હોવાનું બહાર આવ્યું છે. જેમને ફ્લાઈટ જયપુર એરપોર્ટ પર ઉતર્યા બાદ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી. લગભગ એક કલાક પછી ફ્લાઈટ જયપુરથી રવાના થઈ. ઈમરજન્સી લેન્ડિંગને કારણે હૈદરાબાદમાં રાત્રે ૯:૨૮ વાગ્યે લેન્ડ થવાની હતી તે ફ્લાઈટ તેના નિર્ધારિત સમય કરતાં લગભગ બે કલાક મોડી પહોંચશે.



તંત્રી સ્થાનેથી..

# શેરબજારમાં આ સપ્તાહે રોકાણકારોના ૨૧ લાખ કરોડ ડૂબ્યા

શેરબજાર માટે ઓક્ટોબર મહિનો વાસ્તવમાં અશુભ રહ્યો છે. છેલ્લા એક માસમાં મોટાપાયે વોલેટિલિટી વચ્ચે મંદીનું જોર વધ્યું છે. આ સપ્તાહે જ રોકાણકારોના ૨૧.૪૭ લાખ કરોડ સ્વાહા થયા છે. સેન્સેક્સ અને નિફ્ટી આજે ૧ ટકાથી વધુ ઘટાડે ટ્રેડ થઈ રહ્યા હતા. શેરબજારમાં આટલા મોટા કડાકા પાછળ આ પાંચ કારણો જવાબદાર હોવાનું તારણ માર્કેટ નિષ્ણાતો આપી રહ્યા છે.વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને ચીનમાં નીચા ભાવે રોકાણની નીતિ અપનાવી રહેલા વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી મોટાપાયે વેચવાલી નોંધાવી છે. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં વિદેશી રોકાણકારોએ રૂ. ૯૭૨૦૫.૪૨ કરોડની વેચવાલી નોંધાવી છે. ચીને રાહત પેકેજ જારી કરતાં વિદેશી રોકાણકારો ભારતના બદલે ચીનના બજારોમાં રોકાણ કરવા આકર્ષિત થયા છે. કારણકે, ભારતીય શેરબજારમાં વોલ્યૂમ ખૂબ ઊંચા છે, જ્યારે ચીનમાં નીચા ભાવે ખરીદી કરવાની તક છે.ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં આઈટી, રિયાલ્ટી અને ઓટો કંપનીઓના પરિણામો એકંદરે અપેક્ષા કરતાં નબળા રહ્યા છે. આ સિવાય અન્ય ઘણી કંપનીઓએ નિરૂત્સાહી પરિણામો જાહેર કરતાં તેની અસર શેરબજાર પર જોવા મળી છે.અમેરિકામાં નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાવાની છે. જેમાં કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે આકરી ટક્કર જોવા મળી છે.

# રોકાણકારો ૨૯ ઓક્ટોબર સુધી બિડ કરી શકે છે; કંપની બાંધકામ, તેલ અને ગેસ ક્ષેત્રમાં કામ કરે છે




પરિવહન, બાંધકામ, તેલ અને ગેસ ક્ષેત્રે કામ કરતી કંપની Afcons Infrastructure Limitedની પ્રારંભિક જાહેર ઓફર આજે ખુલી છે. રોકાણકારો આ ઈસ્યુ માટે ૨૯ ઓક્ટોબર સુધી બિડ કરી શકે છે. કંપનીના શેર ૪ નવેમ્બરે બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે.કંપની આ ઈસ્યુ દ્વારા રૂ. ૫,૪૩૦ કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે કંપની રૂ. ૧,૨૫૦ કરોડના ૨,૬૯,૯૭,૮૪૦ નવા શેર જાહેર કરી રહી છે. જ્યારે, કંપનીના હાલના રોકાણકારો ઓફર ફોર સેલ એટલે કે OFS દ્વારા રૂ. ૪,૧૮૦ કરોડની કિંમતના ૯,૦૨,૮૦,૭૭૮ શેર વેચી રહ્યા છે.લઘુત્તમ અને મહત્તમ કેટલી રકમનું રોકાણ કરી શકાય છે? Afcons Infrastructure Limitedએ આ ઈસ્યુની પ્રાઈસ બેન્ડ રૂ. ૪૪૦ થી રૂ. ૪૬૩ પ્રતિ શેર નક્કી કરી છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે ૩૨ શેર માટે બિડ કરી શકે છે.તે જ સમયે, છૂટક રોકાણકારો મહત્તમ ૧૩ લોટ એટલે કે ૪૧૬ શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ ૧,૯૨,૬૦૮ રૂપિયાનું રોકાણ કરવું પડશેરિટેલ રોકાણકારો માટે ૩૫% ઈશ્યૂ આરક્ષિત છે કંપનીએ ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ માટે ઈશ્યુનો ૫૦% અનામત રાખ્યો છે. આ સિવાય, લગભગ ૩૫% શેર રિટેલ રોકાણકારો માટે અનામત છે અને બાકીનો ૧૫% શેર બિન-સંસ્થાકીય રોકાણકારો માટે આરક્ષિત છે. કોર્પોરેટ હેતુઓ માટે રૂ. ૬૦૦ કરોડનો ખર્ચ કરશે તાજા ઈશ્યુમાંથી એકત્ર કરાયેલા ભંડોળમાંથી રૂ. ૮૦ કરોડ સુધીનો ઉપયોગ બાંધકામના સાધનો ખરીદવા માટે, રૂ. ૩૨૦ કરોડનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ભંડોળ આપવા અને કંપની દ્વારા લેવામાં આવેલા અમુક બાકી ઉધારના ભાગની પૂર્વ ચુકવણી અથવા સુનિશ્ચિત ચુકવણી અને રૂ. ૬૦૦ કરોડ માટે કરવામાં આવશે. સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

# ૨૦૨૪માં વૈભવી લગ્નો પાછળ જંગી નાણાં ખર્ચ કરનારા લોકોની સંખ્યા વધીને બમણી થઈ



બેંકો પાસેથી લોન લેવાના હેતુને લઈને દેશમાં એક રસપ્રદ ટ્રેન્ડ સામે આવ્યો છે. આ વર્ષે ઉત્તર ભારતમાં ઘર ખરીદવા અથવા બનાવવા માટે સૌથી વધુ ૪૩% લોન લેવામાં આવી છે. દક્ષિણ ભારતના લોકો કાર અથવા ટુ-વ્હીલર ખરીદવા માટે મહત્તમ ૩૮ ટકા લોન લઈ રહ્યા છે તેમજ પૂર્વીય રાજ્યોમાં શિક્ષણ પર ખર્ચ કરવા માટે મહત્તમ ૩૨ ટકા લોન લેવામાં આવી રહી છે, જ્યારે પશ્ચિમી રાજ્યોમાં મેડિકલ જરૂરિયાતો માટે મહત્તમ ૨૪ ટકા લોન લેવામાં આવી રહી હોવાનું બેન્કબાઝાર.કોમ ના "એસ્પિરેશન ઈન્ડેક્સ ૨૦૨૪" અનુસાર દર્શાવાયું છે.

આ ઉપરાંત વૈભવી લગ્નોને પ્રાધાન્ય આપતા ભારતીયોની સંખ્યા ઝડપભેર વધી રહી છે. છેલ્લા એકાદ-બે વર્ષમાં જ દેશમાં વૈભવી લગ્નો પાછળ ખર્ચ કરનારા લોકોની સંખ્યામાં સરેરાશ બમણી વૃદ્ધિ જોવા મળી છે. તાજેતરમાં રજૂ કરાયેલા રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મેરેજ પાછળ વધુને વધુ ખર્ચ કરનારા વધી રહ્યાં છે. શરૂ થનારી મેરેજ સિઝનમાં દેશભરમાં ૪૦ લાખથી વધુ લગ્નો યોજાનારા છે જેમાં જંગી ખર્ચ થશે. જોકે તેનો સીધો ફાયદો અર્થતંત્રને પણ મળી રહેશે.

૫૨% લોકો માટે મોંઘવારી સૌથી મોટી સમસ્યા ઊંચો ફુગાવો અને ઊંચા ટેક્સ દરો દેશની સૌથી મોટી સમસ્યા બની ગઈ છે. સર્વેમાં સામેલ ૫૨% લોકોએ કહ્યું કે વધતી જતી મોંઘવારી તેમના માટે સૌથી મોટી સમસ્યા છે. ૪૮% લોકો માટે કુટુંબની જવાબદારીઓ એટલી મોટી છે કે તેઓ તેમની મનપસંદ વસ્તુઓ પર પૂરતો ખર્ચ કરી શકતા નથી. ૪૫% લોકોએ જણાવ્યું કે મર્યાદિત બચત તેમને તેમની ઈચ્છા મુજબ ખર્ચ કરતા અટકાવે છે. બીજી તરફ ૪૦% લોકોએ કહ્યું કે વધુ પડતી ટેક્સ કપાતને કારણે તેમને તેમની પ્રાથમિકતાઓ બદલવી પડી રહી છે. શરૂ થનારી મેરેજ સિઝનમાં દેશભરમાં ૪૦ લાખથી વધુ લગ્નો યોજાનારા છે જેમાં જંગી ખર્ચ થશે. તેને પણ અસર કરી શકે છે.

વહેલું રિટાયરમેન્ટ ટોપ-૫ ગોલમાં સામેલ સર્વેમાં સામેલ ૩૧.૪% લોકોએ કહ્યું કે વહેલા નિવૃત્ત થવું એ તેમની ટોપ-૫ પ્રાથમિકતાઓમાં સામેલ છે. ગયા વર્ષે આવા લોકો ૨૮% હતા. આ વર્ષે જેમના નિવૃત્તિ ફંડમાં વધારો થયો છે તેમની સંખ્યા વધીને ૫૮% થઈ ગઈ છે અને તેમના નિવૃત્તિ ફંડમાં વધારો થયો છે. ૨૦૨૩માં ૫૬% લોકોના નિવૃત્તિ ભંડોળમાં વધારો કરવામાં આવ્યો હતો. જો કે સ્ત્રીઓ (૫૯%) પુરુષો (૫૭%) કરતાં નિવૃત્તિ આયોજન વિશે વધુ ચિંતિત છે.

## ટેસ્લાના શેર એક દિવસમાં ૨૨% વધ્યા

# ઈલોન મસ્કની નેટવર્થ એક જ દિવસમાં ૧૧% વધી, સંપત્તિ

ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદન કંપની ટેસ્લાના શેરમાં ૨૫ ઓક્ટોબરે લગભગ ૨૨%નો વધારો જોવા મળ્યો હતો. આના કારણે મસ્કની નેટવર્થ એક જ દિવસમાં ૨૬.૪ બિલિયન ડોલર એટલે કે લગભગ ૨.૨૧ લાખ કરોડ રૂપિયા વધી છે. આ મસ્કની વર્તમાન કુલ નેટવર્થના લગભગ ૧૧% છે.ઈન્ટ્રાડેમાં ટેસ્લાના શેરમાં અત્યાર સુધીનો આ બીજો સૌથી મોટો વધારો છે. અગાઉ, ૯ મે, ૨૦૧૩ના રોજ, ટેસ્લાના શેરમાં ઈન્ટ્રાડેમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો. તે જ સમયે, ટેસ્લાનું માર્કેટ કેપ હવે ૮૧.૬૨ હજાર કરોડ ડોલર થઈ



ગયું છે.આ વધારો ટેસ્લાના શેરમાં ઊ૩-૨૦૨૪ના પરિણામો પછી જોવા મળ્યો ટેસ્લાના શેરમાં આ વધારો કંપનીના ત્રીજા ક્વાર્ટરના પરિણામો બાદ જોવા મળ્યો છે. ઊ૩-૨૦૨૪માં એટલે કે ત્રીજા ક્વાર્ટરમાં, કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે ૮% વધીને ઇં૨૫,૧૮૨ મિલિયન થઈ છે. એક વર્ષ પહેલાના સમાન ત્રિમાસિક ગાળામાં એટલે કે ઊ૩-૨૦૨૩માં, કંપનીની આવક ઇં૨૩,૩૫૦ મિલિયન હતી.ત્રીજા ક્વાર્ટરમાં કંપનીનો કુલ નફો વાર્ષિક ધોરણે ૨૦% વધીને ઇં૪,૯૯૭ મિલિયન થયો છે. એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં (ઊ૩-૨૦૨૩), કંપનીનો કુલ નફો ઇં૪,૧૭૮ મિલિયન હતો.

# ઉછીનું ઘર-શ્રદ્ધા ભટ્ટ




આનંદના મનમાં હજી ય પોતાના ભાઈઓએ કહેલા શબ્દો પડઘાઈ રહ્યા હતા. પિતાજી પાસે બેસીને એ ક્યારનો હાથમાં રાખેલા એક જૂના કાગળને જોઈ રહ્યો હતો. 'વીસ વર્ષ થઈ ગયા એ વાતને !' એણે વિચાર્યું. આ ઘરમાં એ વાતની ચર્ચા જ નહોતી થઈ. પપ્પાની ચોખ્ખી મનાઈ હતી ને?

'પણ હવે તો પપ્પા જ કેટલા દિવસ?' કિડની ફેઈલ થયા પછી ડોક્ટરે પણ કહી દીધું હતું કે હવે વધુ દિવસો નથી. કદાચ એટલે જ કુમાર અને વિશાલને આ વિચાર આવ્યો હશે.

"તું તો નસીબદાર છે આનંદ. તારા પગલે પગલે આ ઘરને બીજા બે દીકરાઓ મળ્યા." આનંદને એના પપ્પાના શબ્દો યાદ આવી ગયા. કેવા ખુશખુશાલ હતા એ દિવસો ? અરે, હજી ગઈકાલ સુધી બધું જ બરોબર હતું અને આજે ? ઘડીભર તો એને અફસોસ થઈ આવ્યો. અજાણતાં જ કુમાર અને વિશાલની વાતો પોતે સાંભળી જ કેમ?

કુમાર અને વિશાલ, એના બે નાના ભાઈઓ. આનંદને એ બંને પર બહુ લાગણી. બંને જોડિયા. પોતે છ વર્ષનો હતો જયારે મમ્મી બે નાનાં ફૂલ જેવાં બાળકોને લઈને દવાખાનેથી ઘરે આવી હતી. આનંદની તો ખુશી જ સમાતી નહોતી. તે દિવસથી આનંદે પોતાના બંને ભાઈઓની જવાબદારી પોતાને માથે લઈ લીધી હતી. એમના હવેલી જેવડા મોટા ઘરમાં આનંદ બંનેને પોતાના ખભે બેસાડીને ફેરવતો. "મોટાભાઈ, અગાશીએ ચાલો ને, મોટા ભાઈ રવેશમાંથી કૂદકો મારવો છે, મોટાભાઈ મને ત્યાં ઉપર બારીએ બેસાડોનેપ."

બાળપણની આવી નાની નાની ઈચ્છાઓ હોય કે પછી યુવાનીની જોશભરી માગણીઓ. આનંદે એ બધી જ પૂરી કરી હતી. ક્યારેક મમ્મી તો ક્યારેક પપ્પાની નારાજગી વહોરી લઈને પણ એણે પોતાના ભાઈઓને હંમેશા ખુશ રાખ્યા હતા.

આજે મન રહીરહીને એણે લીધેલી પોતાના ભાઈઓની કાળજી ગણાવી રહ્યું હતું. આ પહેલાં તો આવો ક્યારેય વિચાર જ નહોતો આવ્યો. 'તો પછી આજે કેમ?' આનંદનાં મને પ્રશ્ન કર્યો.

"અનુબેટા, શું વિચારે છે?" પપ્પાનો ક્ષીણ અવાજ સાંભળીને આનંદની તંદ્રા તૂટી.

"કંઈ નહીં ,પપ્પા."

"આ તારા હાથમાં શું છે? " આનંદે ખૂબ સાવચેતીથી કાગળ પૂરો ખોલીને દેખાડ્યો. પેન્સિલથી દોરેલું એક ઘરનું ચિત્ર હતું. .

"પપ્પા,યાદ છે તમને? તમે જ્યારે મને લેવા આવ્યા ત્યારે અનાથ આશ્રમમાં આ ચિત્ર વિશે જ વાત થતી હતી."

"એ કેમ ભુલાય બેટા? એ માણસે કેવી નિર્દયતાથી તારી સાથે વાત કરી હતી ? મને આજેય એના શબ્દો યાદ છે. મેં ત્યારે જ તને દત્તક લેવાનું નક્કી કરી લીધેલું."

"પપ્પા, મારી એક વાત માનશો?"

"બોલ ને, શું કહેવું છે?"

"પપ્પા, તમે તમારું વિલ બદલી નાખો." ધ્રુજારી આવી ગઈ આનંદના અવાજમાં.

"આ તું શું કહે છે? તને કોઈએ કંઈ કહ્યું છે?"

"મને કોઈએ કંઈ જ કહ્યું નથી. બસ, એમ સમજો કે આ મારી ઈચ્છા છે. મેં નવું વિલ પણ બનાવી જ લીધું છે. ખાલી તમારી સહી જપ"

"હું કોઈ વિલમાં સહી કરવાનો નથી."

"પપ્પા, તમે આજ સુધી મારી દરેક વાત માની છે. આ છેલ્લી વાત માની જાઓ. બસ આ મકાન કુમાર અને વિશાલના નામેપ." આનંદ આગળ ન બોલી શક્યો. એના માટે આ ઘર, ઘર નહીં મંદિર હતું. અહીંની એકએક ઈંટ, એકએક દીવાલ એને પોતાના જીવ કરતાંય વહાલી હતી. સમજણો થયો ત્યારથી એણે આવા જ ઘરનું સપનું જોયું હતું ને !

"આનંદ,શું થયું છે?" એના પપ્પાએ ચિંતાથી પૂછ્યું

"આનંદ નહીં પપ્પા, ચમન. મારું સાચું નામ તો એ જ ને ! પપ્પા, અનાથ આશ્રમમાં પેલા ભાઈ સાચું જ કહેતા હતા. અનાથના ઘર ન હોય." આનંદને એના ભાઈઓની વાત યાદ આવી ગઈ.

"વિશાલ, આ આનંદભાઈ તો પપ્પાના લાડકા બનીને આવડા મોટા ઘર પર હક જમાવીને બેસી ગયા. માન્યું કે સંતાનવિહોણાં મમ્મી પપ્પા આનંદભાઈને અનાથાશ્રમથી લઈ આવેલાં, પણ એ પછી તો આપણો જન્મ થયો. પપ્પાની સંપત્તિ પર પહેલો હક તો આપણો જ ને ? શું કહે છે તું ?"

"હાએમ જ હોય ને. અને સો વાતની એક વાત. અનાથના તે કોઈ ઘર હોતા હશે?"

ભૂતકાળ અને વર્તમાનના બંને અવાજો એક બીજામાં ભળી જઈને આનંદને પોતાના અનાથ હોવા વિષે પોકારી પોકારીને કહેવા લાગ્યા. આનંદ તો ભૂલી જ ગયો હતો કે પોતે ચમન છે. અનાથાશ્રમમાં રહેતો ચમન. વર્ષો પહેલાં એ જ ચમનને એક નવું નામ મળ્યું હતું, આનંદ. નવો પરિવાર, નવું ઘર અને એક નવી ઓળખ. આટલા વર્ષોમાં એ ભૂલી ગયો હતો કે આનંદ નામ તો એને બસ થોડા વર્ષો માટે ઉછીનું મળ્યું હતું. અને આ ઘર? જેને એ પોતાનું માની બેઠો હતો એ પણ તો..

શ્રદ્ધા ભટ્ટ રાજકોટ

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું